Capital World Pg 11, 15th Jan 2022

# બિટકોઇનમાં ૨.૬ ટકાનો ઘટાડોઃ IC૧૫ ઇન્ડેક્સ પણ ૩.૦૩ ટકા ઘટ્યો

**મુંબઇ તા.૧૪**

ફેડરલ રિઝર્વ આગામી થોડા મહિનાઓમાં વ્યાજદરમાં વધારો કરવા લાગશે એવી ધારણા છે. વર્ષ ૨૦૧૮ પછી પહેલી વાર અમેરિકાની આ કેન્દ્રીય બૅન્ક નીતિવિષયક વ્યાજદરમાં વધારો કરશે એવી શક્યતાને પગલે સ્ટૉક્સથી લઈને ક્રીપ્ટોકરન્સી સુધીની વધુ જોખમ ધરાવતી ઍસેટ્સના ભાવમાં ઘટાડો થઈ શકે છે. આ સંભાવનાને અનુલક્ષીને શુક્રવારે બિટકોઈનના ભાવમાં ઘટાડો થયો હતો અને પાછલા દિવસની સંપૂર્ણ વૃદ્ધિ ધોવાઈ ગઈ હતી. જોકે, આ અગ્રણી ક્રીપ્ટોકરન્સી ૪૦,૦૦૦થી ૪૪,૦૦૦ ડૉલરની પોતાની ગત થોડાં સપ્તાહોની ટ્રેડિંગ રેન્જની અંદર રહી હતી. બિટકોઈનની સાથે સાથે અન્ય મોટી ઓલ્ટરનેટિવ ક્રીપ્ટોકરન્સીના ભાવમાં પણ ઘટાડો થયો હતો. આ બધા વચ્ચે ફક્ત ડોઝકોઈનમાં નોંધનીય વૃદ્ધિ થઈ હતી. ઈલેક્ટ્રિક કાર ટેસ્લાના સ્થાપક ઈલોન મસ્કે કંપની દ્વારા ટેસ્લા મર્ચન્ડાઈઝ સામે ડોઝકોઈનનો સ્વીકાર થતો હોવાનું કહ્યું તેને પગલે એમની આ ફેવરિટ ક્રીપ્ટોકરન્સીના ભાવમાં વધારો થયો હતો.

શુક્રવારે બપોરે ચાર વાગ્યા સુધીમાં બિટકોઈનના ભાવમાં ૨.૬ ટકાનો ઘટાડો થઈને ભાવ ૪૨,૬૧૬ ડૉલર થયો હતો, જ્યારે એથેરિયમમાં પણ એટલા જ ટકાના ઘટાડા સાથે ભાવ ૩,૨૬૫ ડૉલર થયો હતો. ક્રીપ્ટોકરન્સીનું કુલ માર્કેટ કૅપ પણ ૨.૬ ટકા ઘટીને ૨.૦૩ ટ્રિલ્યન ડૉલર રહ્યું હોવાનું કોઇનમાર્કેટકૅપ પરના ડેટા દર્શાવે છે. આ જ સમયે IC૧૫ ઈન્ડેક્સ ૩.૦૩ ટકા (૨,૦૩૯ પોઈન્ટ) ઘટીને ૬૫,૨૯૨.૪૫ પોઈન્ટ બંધ રહ્યો હતો.

**IC૧૫ ઇન્ડેક્સની હિલચાલ**

| ખૂલેલો આંક | ઉપલો આંક | નીચલો આંક | બંધ આંક |
|---|---|---|---|
| ૬૭,૩૩૧ પોઈન્ટ | ૬૮,૦૯૪ પોઈન્ટ | ૬૪,૯૩૯ પોઈન્ટ | ૬૫,૨૯૨ પોઈન્ટ |

ડેટાનો સમયઃ ૧૪-૧-૨૨ની બપોરે ૪.૦૦ (ભારતીય સ્ટાન્ડર્ડ ટાઈમ)